



# ગરુડ સંજીવની:એક દુર્લભ જડીબુટ્ટી



જડીબુટ્ટી

નજુમી

'ગરુડ સંજીવની'એક દુર્લભ ઔષધીય જડીબુટ્ટી અને ચમત્કારિક વનસ્પતિ છે. જેને આવલ વેલ કે ગરુડ વૃક્ષ પણ કહેવાય છે. તે ખાસ કરીને સાપ કરડવાથી તેનું ઝેર ઉતારવા... વાસ્તુદોષ દૂર કરવા... અને તિજોરીમાં બરકત માટે તાંત્રિક તેમ જ પારંપરિક માન્યતાઓમાં ઉપયોગ કરવામાં આવે છે.

આ ચમત્કારિક જડી-બુટ્ટી સાથે સંકળાયેલી ખાસ વાતો અને માન્યતાઓ નિમ્નલિખિત છે:

» સર્પદંશનો ઉપચાર: લોકમાન્યતાઓ અનુસાર તેની ડાળી કે લાકડીને પાણીમાં ડૂબાડીને પીડિત વ્યક્તિને જો પીવડાવવામાં આવે અથવા તે પાણીથી નવડાવવામાં આવે તો ભયંકર સાપનું પણ વિષ ઊતરી જાય છે!

» ઓળખ: તેનાં પાંદડાં બિલીપત્રની જેમ ત્રણ-ત્રણ સમૂહમાં હોય છે. જ્યારે કેટલાંક વિસ્તારોમાં તેને સાપની કાચળી જેવી પાતળી પારદર્શક પરતવાળી એક વિશેષ ફળના રૂપે પણ ઓળખાય છે.

» જ્યોતિષીય અને તાંત્રિક મહત્ત્વ:

- તેને ઘરના સૂવાના રૂમમાં રાખવાથી ખરાબ કે સાપોનાં ડરામણાં સપનાં આવતાં નથી.

- કાલસર્પ દોષ નિવારણ માટે તેને અભિમંત્રિત કરીને સાથે રાખી શકાય છે.

- તિજોરીમાં રાખવાથી કે મૂકવાથી આર્થિક સમૃધ્ધિ અને માતા લક્ષ્મીજીની કૃપા પ્રાપ્ત થાય છે.

આ જડીબુટ્ટી આદિવાસીઓ અને તાંત્રિક જાણકારો દ્વારા શોધેલી અને ઓળખવામાં આવે છે. તેના ઔષધીય અને ચમત્કારિક લાભ ખાસ કરીને પારંપરિક માન્યતાઓ લોકકથાઓ પર આધારિત છે. ગરુડ સંજીવની એક અત્યંત દુર્લભ વનસ્પતિ છે. તે ખાસ કરીને મધ્યપ્રદેશ, ગુજરાત, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, કેરળ અને તમિલનાડુના ગાઢ પહાડી અને પથ્થરિયા જંગલોમાં કુદરતી રીતે મળી આવે છે. તે દુર્લભ હોવાના કારણે અને તેના વધારે દોહનના કારણે તે વનોમાં શોધવી ઘણી મુશ્કેલ બની ગઈ છે! સામાન્ય રીતે આ જડીબુટ્ટી નિમ્નલિખિત માધ્યમો દ્વારા પ્રાપ્ત કરી શકાય છે:

**સાપનું ઝેર ઉતારવા, વાસ્તુદોષ દૂર કરવા. તિજોરીમાં રાખવાથી કે મૂકવાથી આર્થિક સમૃધ્ધિ અને માતા લક્ષ્મીની કૃપા થાય છે**

» સ્થાનિક આદિવાસી: આ દુર્લભ વનસ્પતિની ઓળખ અને શોધ સામાન્ય રીતે પારંપરિક આદિવાસી વનવાસીઓ દ્વારા કરવામાં આવે છે.

» ગરુડ વૃક્ષનું બીજું નામ કયું છે?

ગરુડ વૃક્ષ (વનસ્પતિ નામ: Radermachera xylocarpa)ને ખાસ કરીને 'ગરુડ સંજીવની'ના નામથી ઓળખાય છે. તેનું બીજ કે ફળ- સાપ જેવું જ દેખાય છે. તેથી તેને વિષનિવારક અને જ્યોતિષીય દૃષ્ટિકોણથી એક ચમત્કારિક અને રહસ્યમયી વૃક્ષ અને દુર્લભ ઔષધીય વૃક્ષ છે. તેની ઉપસ્થિતિ માત્રથી જ ઝેરીલા જીવ દૂર રહે છે.

15 જૂને પવિત્ર પુરુષોત્તમ અધિક માસ સમાપ્ત:

# પુણ્યશાળી બનવાનો છેલ્લો દિવસ: સોમવતી અમાસ

યંત્ર-મંત્ર-તંત્ર

યજ્ઞેશ ત્રિવેદી



સોમવતી અમાસનું અત્યંત પવિત્ર પર્વ તા.15 જૂન 2026, સોમવારે ઉજવાશે.

હિન્દુ ધર્મમાં આ દિવસનું વિશેષ મહત્ત્વ છે, કારણકે જ્યારે અમાસ સોમવારના દિવસે આવે છે ત્યારે તે ઘણી જ શુભ અને શક્તિશાળી માનવામાં આવે છે. આ અમાસ અત્યંત પુણ્યદાયી છે.

**સોમવતી અમાસ 2026નો સમય**

- અમાસની તિથિનો પ્રારંભ: 14 જૂન 2026 (રવિવાર) બપોરે 12.20 વાગ્યે. - અમાસની તિથિ સમાપ્ત: 15 જૂન 2026 (સોમવાર) સવારે 08:24 વાગ્યે - સ્નાન અને દાનનું શુભ મુહૂર્ત: બ્રહ્મ મુહૂર્ત (સવારે 04:04 વાગ્યાથી 04:44 વાગ્યા સુધી)

**આ દિવસે ક્યું કાર્ય કરવું જોઈએ અને તેનું મહત્ત્વ**

1. પવિત્ર સ્નાન: સોમવારના દિવસે થતી આ અમાસ પર કોઈ નદી (જેમ કે ગંગા, યમુના કે નર્મદા)માં સ્નાન કરવાથી બધા જ પાપોમાંથી મુક્તિ મળે છે.
2. પીપળાની પૂજા: આ દિવસે પરણેલી સ્ત્રીઓ પોતાના પતિની લાંબી ઉંમર માટે વ્રત-ઉપવાસ રાખે છે અને પીપળાના વૃક્ષની પૂજા કરીને તેમાં પાણી, દૂધ અને કાળા તલ ચઢાવીને પરિક્રમા કરે છે.
3. પિતૃતર્પણ: પોતાના પૂર્વજો (પિતૃઓ)ના આત્માની શાંતિ માટે 'તર્પણ' અને 'શ્રાદ્ધ કર્મ' કરવું અત્યંત શુભ માનવામાં આવે છે. પિતૃકાર્ય માટે 14 જૂનનો દિવસ ઉત્તમ રહેશે.
4. દાન-પુણ્ય: આ દિવસે જરૂરિયાતવાળાં, ગરીબો અને બ્રાહ્મણોને અન્ન, વસ્ત્ર અને ધનનું દાન કરવાથી 'અક્ષય પુણ્ય'ની પ્રાપ્તિ થાય છે.

**સોમવતી અમાસનું મહત્ત્વ**

આ વખતે વર્ષની પહેલી અમાસ અધિક મહિનામાં આવે છે. તેના કારણે તેનું મહત્ત્વ ઘણું વધી જાય છે.

આ દિવસે ભગવાન શિવ અને માતા પાર્વતીની પૂજાથી સુખ-સમૃદ્ધિ આવે છે અને બધી મનોકામનાઓ પૂરી થાય છે. સોમવતી અમાસના દિવસે પિતૃઓને તર્પણ કરવા માટે પણ ઉત્તમ માનવામાં આવે છે. અધિક મહિનામાં આવતી અમાસમાં આ દિવસે પવિત્ર નદીઓમાં સ્નાન કરીને દાન-પુણ્ય કરવાથી અક્ષય ફળની પ્રાપ્તિ થાય છે. અમાસના દિવસે પવિત્ર નદીમાં સ્નાન કરવાથી અને દાન કરવાથી જન્મ-જન્માંતરનાં પાપોનો નાશ થાય છે. આ સિવાય અમાસના દિવસે પિતૃઓનું તર્પણ અને શ્રાદ્ધ કરવાથી પિતૃદોષ શાંત થાય છે અને પૂર્વજોના આશીર્વાદ મળે છે.

**સોમવતી અમાસના શુભ યોગ**

આ વર્ષે સોમવતી અમાસ પર ઘણા શુભ યોગોનું નિર્માણ થઈ રહ્યું છે. આ દિવસે મૃગશિરા નક્ષત્રની સાથે સાથે શૂલ, સર્વાર્થ સિદ્ધિ અને અમૃત સિદ્ધિ યોગનું નિર્માણ થશે. આ સિવાય ગ્રહોના રાજા 'સૂર્ય'-મિથુન રાશિમાં પ્રવેશ કરશે, જેનાથી 'મિથુન સંક્રાતિ' પણ થાય છે.

**શૂલ યોગ:** સવારે 08:56, ત્યાર બાદ ગંડયોગ આરંભ.

**અમૃત સિદ્ધિ યોગ:** 15 જૂને સવારે 05:45 થી સાંજે 07:08 સુધી

**સર્વાર્થ સિદ્ધિ યોગ:** 15 જૂને સવારે 05:45 થી સાંજે 07:08 સુધી

જેઠ માસમાં આવતી અમાસ તિથિએ 'વટ સાવિત્રી' વ્રત પણ રાખી શકાય છે. આ વર્ષે અધિક મહિનો હોવાના કારણે બે વાર આ વ્રત આવે છે.

ભવિષ્યોત્તર પુરાણ અનુસાર સોમવતી અમાસના દિવસે પરિણીત સ્ત્રીઓ પતિના લાંબા આયુષ્ય અને સારા આરોગ્યથી લઈને અખંડ સૌભાગ્યું વ્રત રાખે છે અને વટ (વડ) વૃક્ષની પૂજા કરે છે.

**અમાસમાં હવન અને અન્ય ઉપાય**

અમાસના દિવસે હવન કરવો અત્યંત શુભ માનવામાં આવે છે તેનાથી કુલ દેવતા, ગ્રામ દેવતા, સ્થાન દેવતા અને પિતૃ દેવતા- બધાં જ તૃપ્ત થાય છે અને પોતાની વિશેષ કૃપા વરસાવે છે.

સોમવતી અમાસના દિવસનો લાભ લેવાથી 60,000 વર્ષો સુધી તમારુ પુણ્ય અટલ રહે છે.

જ્યારે પિતૃતર્પણ અને શ્રાદ્ધ કરવાથી પિતૃઓની 2000 વર્ષો સુધી તૃપ્તિ રહે છે. વિષુ સંક્રાતિ જેમ બધાં સત્કર્મ અક્ષય ફળદાયી બની જાય છે.

**અધિક માસમાં અધિક એટલે કે 100 ગણું ફળ મેળવવા ઝડપથી સ્નાન, દાન, પિતૃતર્પણ, શ્રાદ્ધ, શ્રીહરિ વિષ્ણુ ભગવાનનો 'વિષ્ણુ યાગ' કરવાથી આ જન્મનાં બધા જ પાપો એક જ દિવસમાં ધોવાઈ જશે અને તમે પુણ્યશાળી બની જશો... મનુષ્યને ભગવાન તક આપે છે**

**સોમવતી અમાસે પિતૃપૂજા**

1. સ્નાન અને સંકલ્પ: સવારે વહેલા ઊઠીને સ્નાન કરવું અને પિતૃઓનાં તર્પણ શ્રાદ્ધનો સંકલ્પ કરવો.
2. તર્પણનો સમય: (કુતુપ કાળ): તર્પણ માટે સૌથી ઉત્તમ સમય કુતુપ કાળ છે. જે બપોરે 11:40 વાગ્યાથી 12:10 વાગ્યા સુધી રહેશે. આ સમયમાં નિરાહાર (ભોજન કર્યા વગર) રહીને તર્પણ કરવું જોઈએ. મન્વાદિ તિથિમાં કરેલા તર્પણથી પિતૃઓ 2000 વર્ષો સુધી તૃપ્ત રહે છે. જો સંભવ ના હોય તો પિંડ વગર પણ શ્રાદ્ધ કરી શકાય છે.

**સરળ તર્પણવિધિ**

જો તમે વિધિવિધાનથી તર્પણ ના કરી શકતા હો તો આ સરળ વિધિ અપનાવી શકો છો:-

1. **સામગ્રી:-** એક તાંબાના લોટામાં પાણી ભરવું. તેમાં કાળા તલ અને દર્ભ મૂકવો.
2. **પાઠ:** આ દિવસે શ્રીમદ્ ભગવદ્ગીતાના 7મા અધ્યાયનો પાઠ કરવો અથવા કોઈ પાસે સાંભળવો. ગીતાનો પાઠ કરવાનો સંકલ્પ લઈ શકો છો.
3. **દિશા અને પાણી:** દક્ષિણ દિશા તરફ મોઢું રાખીને બેસવું. દર્ભને વાળીને તેની વીંટી બનાવીને હાથમાં પહેરી લેવી.
4. **અર્પણ:** હવે આ મંત્ર બોલતાં બોલતાં જળ અર્પણ કરવું... 'ગીતાના પાઠના પુણ્યથી મારા પિતૃઓ તૃપ્ત થાવ.

છતાં પણ જો આ પૂજા પાઠ, તર્પણ, હવન કશું જ ના ફાવે તો કોઈ જાણકાર પાસે તે પૂજા હવન તથા પિતૃઓની સંપૂર્ણ પૂજા ઘરે કરાવવી જોઈએ. આ અમાસનો આટલો લાભ લેશો પછી તમારું જીવન બદલાઈ જશે.

## ખગોળિય ઘટના:




કાળચક્ર

યજ્ઞાનંદ

11 જૂન, 2026ના રોજ 'શુક્ર ગ્રહ'નો 'પુષ્ય નક્ષત્ર'માં પ્રવેશ એક ખૂબ જ ખગોળીય ઘટના છે.

પુષ્યને-નક્ષત્રોનો રાજા માનવામાં આવે છે અને જ્યારે સુખ અને સમૃધ્ધિનો કારક- શુક્ર- તેમાં પ્રવેશ કરે છે... ત્યારે આ સમયગાળો ભૌતિક સુખ, પ્રેમ અને આર્થિક સમૃધ્ધિ માટે વિશેષ ફળદાયી બની જાય છે.

શુક્ર 11 જૂનથી 23 જૂન સુધી પુષ્ય નક્ષત્રમાં રહેશે. આ સમયગાળા દરમિયાન કેટલીક રાશિનાં જાતકોને વધુ લાભ મળશે.

પુષ્ય નક્ષત્રમાં શુક્રની હાજરી- વૈભવ, સુંદરતા અને ધનનાં સાધનોમાં વૃધ્ધિ કરે છે. આ સમય નવી ખરીદી, રોકાણ અને સંબંધોમાં મધુરતા લાવવા માટે ખૂબ જ શુભ માનવામાં આવે છે.

**વૃષભ રાશિ:**

'શુક્ર' તમારી રાશિનો સ્વામી છે. તેથી પુષ્ય નક્ષત્રમાં તેનું ગોચર તમારા માટે અત્યંત સુખદ રહેશે. આ દરમિયાન તમને દરેક કાર્યમાં સફળતા મળશે. જો તમે લાંબા સમયથી કોઈ મોંઘી ચીજ વસ્તુ અથવા મિલકત ખરીદવાનું વિચારી રહ્યા હો તો આ સમય તમારા માટે ખૂબ જ અનુકૂળ છે. એટલું જ નહીં, આ કારણે તમારા આત્મવિશ્વાસમાં જબરજસ્ત ઉછાળો આવશે.

**કર્ક રાશિ:**

પુષ્ય નક્ષત્રનો સ્વામી 'શનિ' છે અને તે તમારી રાશિ માટે પણ મહત્ત્વનો છે. શુક્ર ગ્રહનું આગમન તમોને ખાસ લાભ અપાવશે. તમોને કાર્ય-સ્થળ પર પદ-પ્રતિષ્ઠા મળશે. લગ્નજીવનમાં ખુશીનું વાતાવરણ રહેશે તેમ જ તમારા લાઈફ પાર્ટનર સાથેના તમારા સંબંધો ગાઢ બનશે.

**કન્યા રાશિ:**

કન્યા રાશિનાં જાતકો માટે આ સમય આર્થિક રીતે ખૂબ જ શુભ છે. શુક્રના પ્રભાવથી અચાનક ધનલાભના યોગ બનશે. જે લોકો કળા, મીડિયા અથવા ગ્લેમરની દુનિયા સાથે સંકળાયેલા હોય તેમને મોટી તકો મળશે. આવકના નવા નવા સ્રોત પણ ખૂલશે.

**વૃશ્ચિક રાશિ:**

શુક્રનું ગોચર તમારા માટે સુખ-સુવિધાઓમાં વધારો કરશે. ઘરમાં શુભ કાર્ય થઈ શકે છે. જે લોકો નોકરી શોધી રહ્યા છે અથવા ટ્રાન્સફર ઈચ્છે છે. તેમને આ સમયગાળા દરમિયાન સકારાત્મક પરિણામો મળશે. રોકાણ સંબંધિત કામમાં પણ લાભ થશે.

**મીન રાશિ:**

શુક્રનું આ ગોચર તમારી રાશિ માટે લાભદાયક રહેશે. સમાજમાં તમને માન-સન્માન મળશે. દરમિયાન જૂના ચાલી રહેલા વિવાદોનો ઉકેલ આવી શકે છે. સર્જનાત્મક કાર્ય માટે આ ઉત્તમ સમય છે.

**લાભ મેળવવા માટેના ઉપાયો:**

» શુક્રવારે માતા લક્ષ્મીને સફેદ મીઠાઈનો ભોગ ધરાવવો.

» શુક્રના બીજ મંત્ર'ૐ દ્રાં દ્રીં દ્રૌં સઃ શુક્રાય નમઃ'નો 108 વાર જપ કરવો.

» આ દમિયાન અત્તર તેમ જ સુંગધિત વસ્તુઓનો ઉપયોગ તમારા માટે ભાગ્યશાળી રહેશે.

શુક્ર ગ્રહનો પુષ્ય નક્ષત્રમાં પ્રવેશ દરમિયાન તમે રિયલ હીરો અથવા તેના અપવાદમાં ઝિરકોન, ઓપલ વગેરે રત્નો ધારણ કરી શકો.

બુધનો નંગ પન્ના સાથે વીંટી કે પેન્ડલમાં ફરતે ડાયમંડ મૂકીને પહેરવાથી ''હિરા-પન્નાની વીંટી''કે ''હિરા-પન્ના પેન્ડલ'' ધારણ કરવાથી ના ધારેલો ફાયદો જોવા મળે છે.

**શુક્ર 11 જૂનથી 23 જૂન સુધી પુષ્ય નક્ષત્રમાં રહેશે... તેથી કેટલીક રાશિનાં જાતકોને લાભ મળશે!! ભૌતિક સુખ, પ્રેમ અને આર્થિક સમૃધ્ધિ માટે વિશેષ ફળદાયી છે**

# એક ભૂલ કોઈ ઉપાયથી વ્યક્તિનું જીવન તબાહ કરી શકે છે

સમસ્યા અને સમાધાન

વાય.જે.ટી.

જો તમે કોઇ જ્યોતિષ, ભગત, તાંત્રિક, માંત્રિકની પાસે વારંવાર જતા હોય અને તેમણે બતાવેલા ઉપાય કરી રહ્યા હોય તો આ લેખ તમારા માટે છે. ભાગ્ય ખરાબ પણ હોઇ શકે છે. જ્યોતિષના ખોટા ઉપાયથી જ્યારે પણ તમે કોઇને હાથ દેખાડો છો કે જન્માક્ષર બતાવો ત્યારે પોતાના ભવિષ્ય વિશે જાણવા માટે તે જ્યોતિષ વિશે પણ તમારે પૂરી જાણકારી મેળવવાની કોશિશ કરવી જોઈએ. તે વ્યક્તિ કેટલો સમય મંદિરમાં પસાર કરે છે? ગુરુના સાંનિધ્યમાં રહે છે કે નહીં? ત્રિકાળ સંધ્યા કરે છે કે નહીં? હવન, જાપ, પરાવિજ્ઞાન વિશે કંઈક જાણકારી છે કે નહીં?... કારણ કે આજકાલ ટેરો કાર્ડરીડર, જન્માક્ષર જોવાવાળા ભગત, હાથ દેખનારા ખોટો નિર્ણય આપવા લાગ્યા છે. કારણ કે તેમને પુસ્તકિયું જ્ઞાન છે, ગુરુ નથી. જ્ઞાન નથી. જન્મપત્રિકાનું વિશ્લેષણ, વિવેચન, જન્મપત્રિકા વાંચવી જ એ બધું જ નથી! જન્માક્ષર જોવામાં 12 ચીજો જોવામાં આવે છે.

સંસારની દરેક વ્યક્તિ ઘણી પરેશાન છે અને દરેક વ્યક્તિ પોતાના ભવિષ્ય માટે ઉત્સુક રહે છે. તમે કોઈને પણ કહી દો કે મને જ્યોતિષ આવડે છે. તો તે વ્યક્તિ તરત જ પોતાના વિશે જાણવા માંગે છે. ભલે તે કોઇ વ્યક્તિ દરેક પ્રકારે સુખી કેમ ન હોય. પરંતુ તે વધુ સારા બનવા ઈચ્છે છે. કારણ કે દરેક કોઈને પોતાના જીવનમાં કંઇ ને કંઇ કમી અનુભવાય છે! આ જિજ્ઞાસા તેને ક્યારેક ક્યારેક પરેશાની વધારનાર પણ સાબિત થાય છે! એ કેવી રીતે તે આગળ જણાવીશું.

સામાન્ય રીતે દરેક વ્યક્તિના જીવનમાં મુશ્કેલી આવવાથી ગ્રહોની પ્રતિકૂળતાની યાદ આવે છે અને તે ભાગ્યને તે જવાબદાર માને છે ત્યાર બાદ તે ભાગ્ય વાંચનાર જ્યોતિષીનો સંપર્ક કરીને પોતાની પરેશાનીનો ઉપાય જાણવાની કોશિશ કરે છે. કારણ ઓછાં લોકો જાણવા માગે છે પરંતુ ઉપાય દરેક વ્યક્તિ જાણવા ઈચ્છે છે.

ઉપાય સચોટ મળ્યો તે ભાગ્ય સાચે જ બદલવા લાગે છે અને ઉપાય ખોટો મળે તો, જેવું ભાગ્ય ચાલી રહ્યું છે તેનાથી પણ ખરાબ સ્થિતિ આવી જાય છે. જો લાભ થાય તો વ્યક્તિ વિચારે છે કે ઉપાયથી લાભ થયો. પરંતુ જો વધુ ખરાબ સ્થિતિ થઈ હોય ત્યારે વિચારે છે કે ભાગ્યમાં વધારે મુશ્કેલીઓ લખી હતી. એટલા માટે ઉપાય કામ કરી રહ્યો નથી.

ઉપાય બતાવનાર જ્યોતિષી પણ એ જ કહે છે કે, તેણે ઉપાય તો બહુ સચોટ બતાવ્યો હતો. હવે ભાગ્યમાં વધારે કષ્ટ છે તેથી આટલાથી કામ નથી થતું ત્યાર બાદ તે કોઈ બીજો ઉપાય પણ બતાવે છે. આ ચક્રવ્યૂહ ત્યાં સુધી ચાલે છે કે, જ્યાં સુધી તમોને કોઈ વાસ્તવિક જાણકાર ના મળે અથવા ભાગ્ય પોતાની મેળે કરવટ ના બદલે! ક્યારેક ક્યારેક તો ઉલટાસુલટા ઉપાય વ્યક્તિની એવી હાલત ખરાબ કરી નાખે છે કે, તેનો વિશ્વાસ જ્યોતિષ તો શું ભગવાનથી પણ ઊઠી જાય છે!

ઉપાયની તીવ્રતા અને સટિકતા જ્યોતિષીની પક્કડ અને તેની વિશેષજ્ઞતા પર નિર્ભર કરે છે. જો જ્યોતિષી વાસ્તવમાં માત્ર વ્યવસાયી જ નથી તથા તે જ્યોતિષને જીવ્યો હોય ત્યારે તે ગંભીર વિશ્લેષણ કરે છે અને ઘણા ઓછા ઉપાય બતાવે છે પણ તે ઉપાય ઘણા સટિક હોય છે. ભલે તે ઘણા ઓછા ઉપાય બતાવે છે.

એક નાનકડો ઉપાય કે રત્ન કે વનસ્પતિ ધારણ કરવાનો ઉપાય જ્યોતિષીએ બતાવ્યો હોય. વ્યક્તિએ તે ઉપાય કર્યો હોય ત્યાર બાદ વ્યક્તિના વિચારમાં તેની કાર્યશૈલીમાં એક નાનકડું પરિવર્તન આવ્યું હોય અને વ્યક્તિએ સાચા સમયે એક નાનો નિર્ણય લીધો કે નાનકડો પ્રયાસ કર્યો, તે નિર્ણય કે પ્રયાસ એટલા સચોટ સમય પર લેવામાં આવ્યો હોય કે વ્યક્તિનું કામ બની ગયું. તે બનેલાં કામથી નાની નાની સફળતાઓની શૃંખલા શરૂ થઇ ગઇ અને વ્યક્તિનું જીવન બદલાવા લાગ્યું. થોડાક સમયમાં વ્યક્તિમાં મોટું પરિવર્તન આવી ગયું. તેનું જીવન બદલાઈ ગયું. વસ્તુઓનું દાન હોય, જલપ્રવાહ હોય, પક્ષીઓ-જાનવરોને ચારા કે અન્ન હોય, રત્ન હોય કે વનસ્પતિ ધારણ હોય કે ટોણા-ટુચકા હોય, પૂજા પાઠ હોય કે મંત્ર જાપ હોય - બધામાં ઊર્જા તંત્ર અને પ્રકૃતિનું વિજ્ઞાન કામ કરે છે. બધું તરંગ આધારિત વિજ્ઞાન પર કામ કરે છે.

બધાંની શરૂઆત ઘણા નાના સ્તર પર જ થતી હોય છે. તેનાથી વ્યક્તિમાં ભૌતિક પરિવર્તન નથી આવતું. પરંતુ રાસાયણિક અને સૂક્ષ્મ ઊર્જા સ્તરો પર પરિવર્તન આવે છે, જે વ્યક્તિની આસપાસના વાતાવરણની ઊર્જાની સાથે જ વ્યક્તિનો વિચાર અને કાર્યપ્રણાલીને બદલી નાખે છે. એક સાચા નિર્ણય, એક સાચો પ્રયાસ, એક આળસવિહીન ઊર્જાવાળી કોશિશ વ્યક્તિ માટે સફળતાઓના ક્રમ બનાવી દે છે. જ્યારે એક ભૂલ અસફળતાઓના દ્વાર ખોલી દે છે. ઉપાયોથી ઉત્પન્ન આ નાની નાની સફળતાઓ કે અસફળતાઓ થોડાક સમયમાં એટલી મોટી થઈ જાય છે કે, વ્યક્તિનું જીવન બદલવા લાગે છે.

જ્યોતિષ એક વૈદિક વિજ્ઞાન છે- જે એક નિશ્ચિત જીવનશૈલીની માંગ કરે છે, જેમાં આધ્યાત્મિકતા અને ઊંડા ચિંતનની સતત આવશ્યકતા હોય છે. તેને વૈદિક અનુસંધાન વિજ્ઞાનની શ્રેણીમાં રાખવામાં આવે છે, જેનાથી મનુષ્યનું જીવન ઊંડાણથી સંકળાયેલું હોય છે.આ કારણે પારંપારિક વૈદિક જ્યોતિષી એક ગંભીર અને આધ્યાત્મિક જીવન જીવે છે. જ્યોતિષનાં કેટલાં અંગ જેમ કે શુકન અને પ્રશ્ન માર્ગમાં અતીન્દ્રિય જ્ઞાન અને અનુભવનું વધારે મહત્ત્વ છે. સંપૂર્ણ જ્યોતિષમાં આધ્યાત્મિક અને અતીન્દ્રિય સમજ અનુસાર સૂક્ષ્મ વિશ્લેષણની આવશ્યકતા હોય છે. જેની આજે ધંધાદારી જ્યોતિષીઓની પાસે કમી હોય છે.

ધંધાદારી જ્યોતિષીની પાસે ઘણી ભીડ થઈ શકે છે. બહુનામ થઈ શકે છે. પરંતુ તેમની 'ઉપાયની પકડ' ઘણી સારી હોય એવું નથી હોતું! તેમની ભૂતકાળ વિશે બતાવેલી વાતો સાચી હોઈ શકે છે. જેથી તેમને ઘણા સારા જ્યોતિષી સમજવામાં આવે છે. પરંતુ ઉપાય અને તેની સફળતા-અસફળતાની પકડ આધ્યાત્મિક દૃષ્ટિકોણની સાથે અનુભવ પર નિર્ભર કરે છે, જે ગંભીર સંશોધન અને ચિંતનનો વિષય છે. તેના માટે આજે જ્યોતિષીઓની પાસે સમય ક્યાં છે? આધુનિક સમયમાં જ્યોતિષી પણ ઘણા વધારે થઈ ગયા છે અને જ્યોતિષના પ્રકાર પણ ઘણા થઈ ગયા છે. તેમાંથી કેટલાક તો ઉપાયોની અવધારણા જ નથી માનતા, જ્યારે ઉપાયો વગર તો જ્યોતિષની કોઈ ઉપયોગિતા જ નથી. કેટલાક જ્યોતિષી પ્રકારોમાં એવા એવા ઉપાય છે- જે સામાન્ય તર્ક અને સમજ પણ અર્થહીન લાગે છે- પણ તેનો પણ અર્થ થાય છે જરૂર.

કોઈ જ્યોતિષીની પૂર્ણતા ત્યારે જ હોય છે કે, જ્યારે તે જ્યોતિષીનાં બધાં અંગ જાણવા સાથે જ ગંભીર આધ્યાત્મિક અને ચિંતનશીલ હોય! તે પોતાના બતાવેલા ઉપાયો પર સંશોધન કરતા હોય. ઉપાયો પર પ્રયોગ કરતા હોય, ઉપાયોના વિજ્ઞાનને સમજતા હોય, તને ખબર હોય કે કયો ઉપાય, કયા પ્રકારે કઇ વ્યક્તિને કેવી રીતે અને ક્યાં પ્રભાવિત કરશે. તેનાથી શું પરિવર્તન થશે અને શું પરિણામ આવશે.

એક ભૂલ કોઈ ઉપાયથી વ્યક્તિનું જીવન તબાહ કરી શકે છે. વ્યક્તિને સમજવામાં ના આવે અને તે ભ્રમમાં રહેશે કે પોતાનું ભાગ્ય જ ખરાબ છે. પરંતુ જે સ્થિતિ અને બગડી. પરંતુ ઉપાયના કારણે તેને નાની-નાની ભૂલ કરવા દીધી જેનાથી તેની સ્થિતિ અને દયનીય થવા લાગી. પરેશાની પણ જ્યોતિષીની પાસે વધારે આવે છે. એવામાં તેને કારણ વગરનો ઉપાય પરેશાન વધારે કરી દે છે. મોટાં અને મૂળ રત્નો વગેરેના ખોટા ઉપાયો પ્રાણ પણ લઈ શકે છે! આસપાસનું વાતાવરણ ઉલટું પણ કરી દે છે. નકારાત્મક પ્રભાવ ઉત્પન્ન કરે છે.



આજે સોશિયલ મીડિયા અને ઈન્ટરનેટના યુગમાં જ્યોતિષીઓની ફોજ ઊભી છે. સેંકડો વેબસાઈટ છે. હજારો-હજાર જ્યોતિષીઓ છે. કોઈ કોઈને વ્યક્તિગત જાણતો નથી. જે પણ જ્યોતિષી સંશોધન કરશે, ચિંતનશીલ રહેશે, આધ્યાત્મિક હશે. સતત અનુભવવાળો રહેશે. જ્યોતિષ પ્રમાણે ચાલશે. પરંતુ તેની પાસે ભીડ રહેશે નહીં. છતાં પણ તેની પાસે સમય નહીં હોય. જ્યોતિષની ગંભીર સમજ હશે. પણ પોતે જ જીવવાવાળો હશે અને ધંધાદારી નહીં હોય.

જો વાસ્તવમાં જ્યોતિષીય ઉપાય જોઈએ તો એવા જ્યોતિષીને શોધવો જોઈએ. લોકોએ ઈન્ટરનેટ પર મફત સલાહ લેવાથી બચવું જોઈએ. કારણ કે જો કોઈ વાસ્તવમાં વિશ્લેષણ કરશે તો તેમાં સમય લાગશે.

જ્યારે પણ કોઈને પણ જ્યોતિષીય સલાહની આવશ્યકતા હોય તો તેણે સૌથી પહેલાં જ્યોતિષીને સમજવું જોઈએ. આપશ્રી પણ કોઈ જ્યોતિષ માર્ગદર્શન લેવું હોય તો 'ગુજરાતમિત્ર'માં મંગળવારે ગોચર-અગચોર પૂર્તિમાં સમસ્યા અને સમાધાન વિભાગમાં લખી મોકલવાથી પરેશાનીનું સાચું કારણ અને તેનું સચોટ નિવારણ મળશે.